
**BACHPAN 2.0**





### મ.સ.યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીની મેઈન બિલ્ડિંગમાં યુનિક પહેલ

# નો Wi-Fi, ઓન્લી ખેલ-Fi : સંગીત ખુરશી અને દોરડા ખેંચ રમી ફિઝિકલ ફિટનેસ ચેક

**વડોદરા :** આજના ડિજિટલ યુગમાં જ્યાં યુવાધન સતત સ્માર્ટફોન, સોશિયલ મીડિયા અને ઓનલાઈન ગેમિંગની અંદર પરોવાયેલું રહે છે, ત્યારે મ.સ.યુનિવર્સિટી ઓફ બરોડાની કોમર્સ ફેકલ્ટીના મેઈન બિલ્ડિંગ ખાતે એક અનોખી અને યુનિક પહેલ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને મોબાઈલ સ્ક્રીનથી થોડો સમય દૂર રાખીને ફિઝિકલ એક્ટિવિટી તરફ વાળવા અને બાળપણની દેશી રમતોની મજા પૂરવાનો એક સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો. કોમર્સ ફેકલ્ટી મેઈન બિલ્ડિંગ અને મેનેજમેન્ટ સ્ટુડન્ટ્સ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે કોલેજ સ્પોર્ટ્સ ડે યોજાયો હતો.

આ ઈવેન્ટનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ડિજિટલ દુનિયાના માનસિક તણાવથી દૂર રાખી રમતગમત, ટીમવર્ક અને આ આત્મીયતાની સાચી મોજ કરાવવાનો હતો. આ કાર્યક્રમ માટેનું સૂત્ર નો Wi-Fi, ઓન્લી ખેલ-Fi સૂત્ર સાથે વિદ્યાર્થીઓ જોડાયા હતા. પરંપરાગત રમતોમાં 400થી વધુ વિદ્યાર્થીઓએ ગેમ્સ રમી હતી. ઓનલાઈન ગેમ્સ કરતા મેદાન પરની રમતોનો પ્રત્યક્ષ અનુભવ થયો હતો. આ ઈવેન્ટમાં લીંબુ ચમચી, લંગડી, સંગીત ખુરશી, દોરડા ખેં, થ્રી-લેગ્ડ રેસ અને કોથળા દોડ જેવી બાળપણની લોકપ્રિય ટ્રેડિશનલ રમતો રાખવામાં આવી હતી.




### ડિજિટલ ડિટોક્સથી કોમર્સ ફેકલ્ટીમાં કોલેજિયન્સે રમતો રમી બચપન 2.0ની મજા માણી હતી

મેઈન બિલ્ડિંગ કેમ્પસ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં 400થી વધુ વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પોતાના સ્માર્ટફોન બાજુ પર મૂકીને બાળપણની યાદો તાજી કરી હતી. કોલેજના વિદ્યાર્થીઓને શક્ય તેટલો સમય મોબાઈલ સ્ક્રીનથી દૂર રાખવાનો આ યુનિક કોન્સેપ્ટ જ સફળ રહ્યો છે. આ પ્રયાસથી વિદ્યાર્થીઓ વચ્ચેનો પરસ્પર સંબંધ મજબૂત થયો છે અને રમતગમતની સાથે સ્વાસ્થ્ય જાગૃતિનો સુંદર સંદેશ મળ્યો છે. બચપન 2.0 એક યાદગાર ઉત્સવ બની રહ્યો હતો.